# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

સૈનિકોની શહિદીનું દુખ સાલતું નથી!
સરકારના પેટનું પાણી હાલતું નથી!
ચાલતું નથી અમેરિકા પાસે આપણું કૈં!!
જોઇ રહે વિશ્વ, દિલાસો ય આલતું નથી!
(આપણી લાચાર વિદેશનીતિ)

હાઈકુ

આમ ને આમ!
ચાલ્યું જશે હાથથી -
જો, જો કાશ્મીર!
(ફૂટેલા નેતાઓ)

લોકશાહીને -
ઓમર રાજમાં છે -
પ્રવેશબંધી!!
(ઘૂસણખોરીને છૂટ!)

## ચિંતન

**યા સાધૂંશ્ચ ખલાન્કરોતિ વિદુષો મૂર્ખાન્હિતાન્દ્વેષિણઃ પ્રત્યક્ષં કુરૂતે પરોક્ષમમૃતં હલાહલં તત્ક્ષણાત ।**
**તમારાધય સત્ક્રિયાં ભગવતી ભોક્તું ફલં વાંછિતં હે સાધો! વ્યસનૈર્ગુણેષુ વિપુલેષ્વાસ્થાં વૃથા મા કૃપાઃ ॥**

'જે દુર્જનોને સજ્જન બનાવે છે, મૂર્ખાઓને બુદ્ધિમાન-વિદ્વાન બનાવે છે, દ્વેષ કરનારાઓને પ્રેમી અને હિત કરનારા બનાવે છે, પરોક્ષને પ્રત્યક્ષ બનાવે છે, હળાહળ ઝેરને તરત જ અમૃત બનાવે છે, એવાં ભગવતી સ્વરૂપ સત્કાર્યો-સદાચારને જ જીવનમાં એક ઉત્તમ સાધના તરીકે અપનાવો અને ઇચ્છિત ફળની પ્રાપ્તિ માટે માત્રને માત્ર સત્કાર્યોની જ આરાધના કરો, હે સજ્જન! અધિક કષ્ટ અને દુખો આપે એવા દુર્ગુણોવાળી નકામી જપ-તપ જેવી બાબતોમાં શ્રદ્ધા ન રાખો.'

સદ્‌વર્તન-સદાચાર-સૌની સાથે પ્રેમ ભર્યો નિખાલસ હૃદયનો વ્યવહાર દ્વારા જ સર્વનો પ્રેમ સંપાદિત થઇ શકે છે અને આપણા પોતાના આત્માને પણ સુખકર-શાંતિ પ્રાપ્ત થાય છે. સદાચાર દ્વારા જ સમાજમાં આદર-સન્માન અને પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય છે સમાજમાં અગ્રગણ્ય નેતા-વડીલ અને પૂજ્ય ભાવ પ્રાપ્ત થાય છે.

સદ્‌વર્તન દ્વારા સામેની ગમે તેવી વ્યક્તિના સ્વભાવ અને ચારિત્ર્યમાં પણ પરિવર્તન લાવી શકાય છે દેવ-દેવીની આરાધના-તપ કરવા કરતાં માનવીએ આચરણમાં સદાચાર-સદ્‌વર્તનને જ મહત્ત્વ આપવું જોઇએ. એ જ સાચો 'ધર્મ' છે.

## સુવિચાર

- લાગણીમાં ઝરણું માણસને ક્ષણો બક્ષે છે, જીવતર વર્ષોમાં મપાતું નથી, જીવતર ક્ષણોમાં મપાય છે **- ડો. દોલતભાઇ દેસાઇ**
- 'ના' પણ મિઠાશથી કહી શકાય, 'હા' પણ તોછડાઇથી કહી શકાય, 'ના' ને મીઠી બનાવીએ, 'હા' ને સસ્તી ન બનાવીએ **- રાજચંદ્ર**
- સાકર દેખાય છે પરંતુ તેની મીઠાશ દેખાતી નથી, મીઠાશ તો ચાખવાથી જ સમજાય, આજ રીતે અભિમાન છૂટે ત્યારે પ્રત્યેક ચીજમાં ઇશ્વરનું રૂપ દેખાય, પછી જે કંઇ જોઇશું એ ઇશ્વરમય હશે **- સાને ગુરૂજી**
- દુઃખ માણસના હૃદયની આંખો ખોલે છે એટલે દુઃખ જ મનુષ્યને પ્રભુ તરફ વાળે છે **- પૂજ્ય મોટા**
- વિજ્ઞાનનાં સંશોધનોમાં પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને બુદ્ધિ એમ અગિયાર પ્રધાન માધ્યમો છે, પણ, આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો એક જ ઉપાય છે તે છે આત્માની અનુભૂતિ, આત્માનો સાક્ષાત્કાર **- ઓશો**
- પ્રાર્થના કરતા આપણે જાણે સ્વમાં હોવા છતાં સર્વ સાથે તદ્રુપ બનીએ છીએ. ચૈતન્ય સાથે એક રૂપ થઇએ છીએ, એટલે જ પ્રાર્થનામાં ચેતો વિસ્તારનો અનુભવ થાય છે **- મનુ સ્મૃતિ**
- વાણી ઉપરનું વર્ચસ્વ જો ચાંદી જેવું છે તો મૌન સોના જેવું છે **- કોરિયન કહેવત**

## બોધ કથા

'માનવી' તરીકે આપણને મળેલો જન્મ જ એક ઇશ્વરીય ભેટ - અજાયબી છે પણ ઇશ્વરની આ બક્ષિસની આપણે નજર અંદાઝ કરી ભગવાનની ભૂલો અને શું શું આપ્યું એની યાદી બનાવી આપણે સતત દુઃખ અને અસંતોષનો અનુભવ કરીએ છીએ... આપણી પાસે 'જીવન'ને જોવાની નજર-દૃષ્ટિ જ નથી.

પ્રાથમિક શાળાના એક શિક્ષકે બાળકોને ઘરકામમાં દુનિયાની સાત અજાયબીઓની યાદી લખી આપવાનું કામ સોંપ્યું..

વર્ગના લગભગ બધા જ વિદ્યાર્થીઓએ પ્રખ્યાત સાત અજાયબીઓની યાદી બનાવી લીધી. ૧. ઇજિપ્તના પિરામીડ, ૨. તાજમહેલ, ૩. પિઝાનો ઢળતો મિનાર, ૪. પનામા નહેર, ૫. એમ્પાયર સ્ટેટ બિલ્ડીંગ, ૬. બેબીલોનના બગીચા અને ૭. ચીનની દિવાલ.. વગેરે.

પરંતુ વર્ગમાં એક અલગારી બાળકો હતો જે હંમેશાં બધાથી અલગ પડતો તેની યાદીમાં આ સાત અજાયબી હતી : ૧. સ્પર્શવું, ૨. સ્વાદ પારખવો, ૩. જોઇ શકવું , ૪. હલન-ચલન દોડવું-કૂદવું, ૫. હસવું આનંદની અભિવ્યક્તિ, ૬. સાંભળી શકવું, ૭. પ્રેમ-વાત્સલ્ય.

શિક્ષણ યાદી જોઇ ખૂબ પ્રભાવિત થયા અને બાળકને અભિનંદન આપ્યાં.

Email - sureshchandrabhatt18@gmail.com

# પહેલીવાર હું સંસાર રૂપી સાગરમાં કુદી પડી, અતીતથી દુઃખી હતી, ભયભીત નહોતી, એક અજાણ્યા રાહ પર ખાલી હાથે હું ચાલી નીકળી હતી

## નવાં ક્લેવર

- નટવર હેડાઉ

સાબરમતી રેલ્વે સ્ટેશનના એક બાંકડા પર નિરૂદેશે બેઠી હું આવતા જતા લોકોને જોતી હતી. મનમાં કોઇ ઉભરો નહીં મગજ એકદમ શાંત, ત્યાં એકદમ સામે આવીને દિલ્હી - મેલ ઊભો રહ્યો, ટ્રેનને આવવાનું એનાઉન્સમેન્ટ પણ થયું હશે. પણ મારૂં ધ્યાન તેની તરફ ગયું ન હતું. ટ્રેન પર દિલ્હી-અમદાવાદ મેઇલ સામે તો અચાનક અતીતના દરવાજાના આગળા ખુલી ગયા. અતીતનો નકુચો જયારે ખુલે છે ત્યારે કોઇ પણ જાતના ખખડાટ વિના જ એક પછી એક ઘટનાઓ દરવાજે આવીને સામે દેખાવા લાગે છે.

કેવો એ દિવસ હતો. લગભગ પચાસ વર્ષ પહેલાં પણ. હું પણ આ જ દિલ્હી મેઇલથી ઉતરી હતી. ત્યારે ટ્રેન ન તો આટલી ચોખ્ખી જોવા મળતી કે ન તો પ્લેટફોર્મ. આજે જીવનની જેમ તેમાંથી પણ પરિવર્તન આવી ગયું છે. સજી ધઇ ગઇ છે. પણ મગજમાં આજે પણ એ જ ટ્રેન અને સ્ટેશનની એક તસ્વીર છે. સામેના કંપાટેન્ટમાંથી જે રીતે એક સ્ત્રી તેના બાળકને લઇને ઊતરી રહી છે લગભત તેમ જ હું હતી. તેની સાથે તેનો પતિ છે. સામાન છે કંઇ પણ વિચાર્યા વિના તેના પતિનું અનુકરણ કરી રહી છે. કેમ કે તે નિશ્ચિત છે. પણ હું, હું તો તે દિવસે ખુબ જ ગભરાયેલી હતી. એકદમ એકલી. ખોળામાં યશદા અંદર સુધી પેસી ગયેલો ભય કદાચ ચહેરા પર પણ સ્પષ્ટ દેખાયો હતો. ટ્રેનમાં મારી સામેની સીટ પર બેઠેલાં તમે મારા ચહેરાના હાવભાવને વાંચી શકતા હતા. ઊઝાંના સ્ટેશને ટ્રેન ઊભી રહી ત્યારે એક સ્ત્રીએ તમને કહેલું કે 'રાકેશભાઇ જરા પાણી લાવી આપોને.' તમે નીચે ઉતર્યા, તમારા ઓળખીતા એ બહેનને પાણી પીવડાવ્યા પછી લોટો ભરી લાવેલા અને મારી તરફ ધરતાં કહેલું, 'જરા પાણી પી લો, આગળની મુસાફરીમાં ટેકો રહેશે.'

મેં ચુપચાપ પાણી પી લીધું, આત્મા તૃપ્ત થયો, વાસ્તવમાં જાણે મરતાં મરતા જીવી ગઇ. વિવેક ખાતર કે પછી એકલી સ્ત્રીને જોઇને તમે પૂછેલું 'તમે કયાં જવાના' પણ મેં કોઇ જવાબ આપ્યો નહોતો.

પુરૂષથી ડર લાગતો હતો. મારા જીવનમાં કુલ ચાર પુરૂષોને મેં નજીકથી જોયા કે જાણ્યા હતા. તમે એક્રમાં ત્રીજા હતા. સૌથી પહેલાં પુરૂષ હતા મારા પિતા. કોઇ તેમને બાપુ કહેતું તો કોઇ સાહેબ.

તે મારા પિતા હતા. મારી મા નાં બાળલગ્ન થયાં અને પિતાજીનાં બીજાં લગ્ન હતા. પહેલીમાંનો ફોટો ઘરમાં લગાવેલા જોયો હતો. કોણ જાણે કેમ પણ કહેવાતાં ખાનદાન મોટા કુટુંબોમાં જે મોટા મોટા ફોટાઓ લગાવેલા હોય છે તેમના ચહેરા પર એક રૂઆબ હોય છે. તેનામાં મમતા સ્નેહ કે સ્મિત હોતું નથી. દર્દ પણ નહીં. કદાચ એ સમયના કલાકારો-મગજમાં ખાનદાની માણસ બહુ મોટો હશે. ખેર... આગલી માની પાસે જ મારી માની પણ તસ્વીર. જયારે જેવા મુડમાં હું હોઉં તેવો મને મારી માનો ફોટો લાગતો. દાદી કહેતા કે મારી મા બાળકી હતી. માં જન્મ આપીને તે આ દુનિયામાંથી ચાલી ગઇ. મને દાદીમાં અને નોકરાણીઓ એ મળી ઉછેરી હતી. દાદીમાનું ધુંધળું ચિત્ર મગજમાં છે. બાપુ તેમને ક્યારેય હું ભુલી શકી નથી. ઘરડાઓએ કદાચ સાચું જ કહ્યું હશે કે જેના પ્રત્યે તમને નફરત કે દુશ્મનાવટ હોય તે હંમેશા તમારા મગજમાં ઘુમ્યા કરે છે. બાપુ બેહદ ચરિત્રહીન પુરૂષ હતા. જયા સુધી દાદી જીવ્યા ત્યાં સુધી મને બાપુની હરકતોની ખબર નહોતી. દાદીમાંનો પાલવ મારી દુનિયા હતી ને મારૂં આકાશ હતું. પણ દાદીમાંના જવાથી મારા જીવનમાં એક એવો ખાલિપો આવ્યો જેને કોઇ ભરી ન શક્યું. હું નાની હતી. સ્નેહ ભુખી, વિશ્વાસ ભુખી, મને કાયમ ભય લાગતો. રાતે નોકરાણીના ઓરડામાં રહેવા છતાં ઊંઘ ન આવતી. વૃદ્ધ દાદીમાના પડખામાં સ્નેહનો જે ગરમાવો હતો તે આયા પાસે ક્યાંથી હોય. ઊઠી જતી, રોતી અને બાપુ પાસે જતી. માં બાપુના શબ્દમાં હંમેશા આત્મીયતા લાગી. મને એમ થયું કે દરેક સમસ્યાનું સમાધાન અને દરેક ડરનું નિદાન બાપુજી છે. પણ... ત્યાં બાપુ પાસે તો રોજ એક નવી સ્ત્રી જોવા મળતી. મને જોતાં જ એ રાતાપીળા થઇ જતાં. ક્યારેક મારા માથે હાથ નથી મુક્યો કે મને ખોળામાં બેસાડી નથી. બાપુની બહાર બહુ મોટી આબરૂં હતી. ખાદી ઝભ્ભા લેંઘામાં એ હવેલીની બહાર નીકળે ત્યારે તેમનો ઠાઠ જોઇને જ હું સમજી જતી કે એ ક્યાંક જાય છે. જેમ જેમ મોટી થવા લાગી, તેમ તેમ મને તેમનાથી નફરત થવા લાગી. સૌ કહેતાં કે હું, વિવેકી છું, પણ મારી અંદર ધ્રૂણાનો એક જવાળામુખી ફાટફાટ થતો હતો. બાપુ પ્રત્યે મને ખુબ જ નફરત થઇ ગયેલી.

ત્યાં અચાનક એવી ખબર હતી કે મારા લગ્ન નક્કી થઇ ગયાં છે. એ નફરત ભરી જેલમાં મારૂં જીવન જે રીતે વિતતું હતું તેનાથી બહારનું જીવન મેં જોયું કે સાંભળ્યું ન હતું. મન ક્યારેક રાજી થતું તો ક્યારેક દુઃખી, હું કદાચ વૈચારિક દૃષ્ટિએ મારી મા અને દાદી કરતાં અલગ હતી. તેથી જ વિચાર આવ્યો બાપુએ મને પૂછ્યું પણ નહીં. મેં મારા થનાર પતિને જોયો પણ નહીં. અને તેની સાથે લગ્ન કરવાના, આ તે કેવાં લગ્ન, ત્યાં એક દિવસ જરૂરી સામગ્રી લઇ ફોઇ આવ્યા, ફોઇને મેં પહેલી વાર જોયાં. દાદીમા ગુજરી ગયા. ત્યારે પણ ફોઇ આવ્યાં નહોતાં. આ કહેવાતા મોટા લોકોમાં સંબંધોથી ઉપરવટ અહંકાર હોય છે. ફોઇ આવ્યા'તા મારા લગ્નની તૈયારી કરવા. હું અગિયારમી પાસ. ઘણું બધું મા ના મૃત્યુનું કારણ હવે મને વધુ ડરાવવા લાગ્યું હતું. પણ કહેવું કોને.

જાન આવી. જીવનમાં બીજા પુરૂષનો પ્રવેશ થયો. લગ્ન પછી હું મારા સાસરે આવી ગઇ. બાપુ તો મારા લગ્ન કરીને જાણએ ગંગા ન્હાયા. તેમને મને એક જેલમાંથી કાઢીને જાણએ કે બીજી ઉતરતી જેલમાં મોકલી દીધી. બાપુના ઘરની દિવાલો મારી હમદર્દ હતી. હું એ ઘરની દીકરી હતી. થોડુંક અધિકારપૂર્વક જીવતી હતી. પણ અહીં એવું કંઇ નહોતું. નવાં કપડાં, દાગીના, પહેરીને વૈભવનું પ્રદર્શન અહીં કરવાનું હતું. અરીં મન મરજી કે આત્મા જેવી વાત કોઇ સમજતું ન હતું. ઇશ્વરનું અસ્તિત્વ ન તો બાપુને ઘરે હતું કે ન અહીંયા. બંને જગ્યાએ ઘરના પુરૂષો જ ભગવાન હતા. ચરિત્રહીન તેમની નજરે સ્ત્રી એટલે એક શરીર, જેનો ઉપભોગ કરવાનો, તેની માંસલતા માપવી, એક પળ ઉપભોગથી સંતુષ્ટિ મળતાં બીજી પળે તેના પર થુકી પોતાનો અહંકાર પોષવો. બે પુરૂષો જીવનમાં મળ્યા, બંને પ્રત્યે નફરત થઇ આવી. જે છેક અંદર સુધી ઉતરી ગઇ હતી.

વરસમાં યો યશદા થઇ ગઇ. યશદાને મેળવીને હું ધન્ય થઇ. હવે પત્ની ઉપરાંત મા નો દરજ્જો મને મળ્યો હતો. હું બે હાથનાં સ્પર્શનો અનુભવ થયો. ગાઢ નિંદ્રામાં પણ અજાણ્યા અણગમતા હાથનો સ્પર્શ મને નાગની જીભ જેવો લાગ્યો. હું ગભરાઇને ઊભી થવાની કોશિશ કરવા લાગી તો તે બંને હાથો એ મને ભીંસી દીધી. દારૂની વાત... અરે! કાલે ટેન્ડર ખુલવાનું છે. થારા ઘરનાં ને ટેન્ડર જોઇએ છે તો મને ખુશ કર.

આગળ હું કાંઇ સાંભળી શકી નહીં, યશદા ને લઇને હું એ જ હાલતમાં જવા જે રસ્તો મળ્યો દોડી. કેટલું દોડી તે પણ ખબર નથી. સામે ટ્રેઇન ઊભી હતી. તેમાં ચડી ગઇ. યશદા ત્રણ મહિનાની હતી.

પહેલીવાર હું સંસાર રૂપી સાગરમાં કુદી પડી. અતીતથી દુઃખી હતી. ભયભીત નહોતી. એક અજાણ્યા રાહ પર ખાલી હાથે હું ચાલી નીકળી હતી. આજે વિચારૂં છું તો એમ લાગે છે કે ત્યારે મારા મગજમાં એક પળ માટે પણ એવો વિચાર આવ્યો નહોતો કે હું કેવી રીતે જીવીશ. હાં, ભગવાનમાં અવાર શ્રદ્ધા હતી.

સાબરમતી સ્ટેશન ઊતરીને હું અસંમજશમાં હતી. કમ્પાર્ટમેન્ટની બહાર ઊભી રહી હું લાંબા શ્વાસો લેતી હતી. કદાચ એ ખુલ્લા આકાશ નીચે સ્વતંત્રતાનો શ્વાસ હતો કે પછી પોતાની શક્તિને સંયોજવાનો હું પ્રયાસ કરતી હતી. એ અનીર મનની એ પીડા હતી. કંઇ ખબર નહીં. રાકેશ તમે ઉતર્યા, અને કોણ જાણે કેમ મારી તરફ જોઇ તમે પૂછ્યું, 'ક્યાં જવું છે? મેં ઇશારાથી કહ્યું ક્યાંક નહીં, પછી તમે કહેલું 'મારી સાથે આવીશ' અને તેના પ્રત્યુત્તરમાં હું તમારી સાથે ચાલી નીકળી, હું જે બે પુરૂષોને ઓળખતી હતી તેમના કરતાં તમારો ચહેરો બિલકુલ અલગ હતો. તમને ઓળખતી ન હતી. પણ મને લાગ્યું કે ભગવાનને મને મદદ કરવા તમને મોકલ્યા છે. હું વિચારતી હતી કે નશીબમાં જે લખ્યું હશે તે થશે. તમે મને તમારી બહેનને ઘરે લઇ ગયા.'

શાંત, સૌમ્ય તમારી બહેનનું ઘર અગરબત્તીની સુવાસથી પરિપૂર્ણ હતું, તેમણે મને ન કંઇ કહ્યું કે ન પૂછ્યું,મારી આગળ દૂધનો ગ્લાસ મુકતાં કહેલું, 'લે આ પી લે, આ બાળક માટે જીવવાનું છે, આવું પણ ઘર હોય તેનું મને અચરજ લાગ્યું. વ્યવસ્થિત થતાં થોડો સમય લાગ્યો. બોલવાની કે વાત કરવાની આદત તો હતી નહીં તેથી ચુપચાપ બધુ જોતી, સમજતી અને કંઇક કરતી રહેતી. બહેનને ખબર પડી ગયેલી કે હું થોડી ઘણી ભણેલી છું. ઘણી વાર ઘણી રીતે તેમને મને પ્રેમથી સમજાવેલી કે માટે આગળ ભણવું જોઇએ.નોકરી કરવી જોઇએ. પણ મને તો ઘરની બહાર જવાના નામે ડર લાગતો હતો.'

(ક્રમશઃ)

# ઈન્સાન કે હમ રખવાલે...!! ભારતીય સૈનિકો ખડેપગે સેવામાં હાજર..!!

## સિર્ફ હમારે લીયેં... ભૂકંપ, સુનામી, આતંકવાદી કે પછી કેદારનાથ પ્રલય દરેક પ્રસંગે જાનની બાજી લગાવવા તત્પર આપણાં સૈનિકો આપણી સુરક્ષા માટે શહિદોનો મરણોત્તર મેડલ લેવા એમની યુવાન વિધવાઓને મુક્તા જાય છે, અને આપણે સ્વતંત્રતા દિને એમને એક સલામ મારવાનુંય કર્તવ્ય દિલથી નથી કરતાં

## Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

માણસને મોતનાં મુખમાંથી ખેંચી લાવવાનું પડકારજનક કામ ૨૦-૨૫ વર્ષમાં યુવાન સૈનિકો કેવી રીતે કરી શકે છે? જયારે આનંદથી મોજમસ્તી કરવાની ક્ષણ હોય ત્યારે બીજી બધાં અને તમારા માટે મરવાની વાત આવે એટલે માત્ર આર્મી? વાહ રે મેરા ભારત મહાન!!

ભારતભરમાં ફરી વળેલો આ એસ.એમ.એસ. તમને મળ્યો છે? ના મળ્યો હોય તો અત્યારે વાંચો, અને વિચાર કરો કે શું ભૂલ છે આપણી? કોણ આપણી પીઠ પર આવા ચાબખાં મારી રહ્યું છે? ઉત્તરાખંડને હચમચાવનારી અને મીડિયાનાં બ્રેકીંગ ન્યૂઝથી પાણી પાણી થયેલી ઘટના લગભગ ઓસરી ચૂકી છે. મૃત્યુના આંચકાઓ અને મૃતકોની સંખ્યા આવવી બંધ થઈ ગઈ છે. લગભગ બધા વરવસો કરીને પોતાના મૂળ કામ ધંધો ચઢી ગયા છે, માત્ર એ સમય દરમિયાન જોયેલી કેટલીક તસવીરો યાદોમાંથી ભૂંસાથી નથી. બ્રેકીંગ ન્યૂઝ એ આપણું કામ નહીં એટલે સ્વતંત્રતા દિવસ એ તસ્વીરોને યાદ કરવાં રિઝર્વ કરી રાખેલો...

ગગડતાં પર્વતો, ગાંડીતુર માતેલા સાંઢ જેવી નદીઓ, આકાશ ફાડીને ઠલવાઈ ગેલો વરસાદ અને આવાં ભયાનક વાતાવરણમાં ભરાયેલાં હજારો માણસોને બચાવવા સતત દોડધામ કરતાં ખાખી-લીલી વર્દીવાળા યુવાન સૈનિકો, ભીષણ હવામાનમાં ઉડતા હેલીકોપ્ટર એને લટકેલા ભારેખમ દોરડાં પર લટકીને નીચેથી ખેંચી લાવતાં માણસોને હાથ આપતાં સૈનિકો, પોતાના હાથના ઝુલા કરી ધસમસતાં વહેમણાંથી બચાવતાં માણસો, દાદા-દાદીને પોતાની પીઠ પર બેસાડી પત્થરીયા વાટે સડસડાટ ચઢતા કે મોતનું તાંડવ જોઇ ગભરાયેલાં બચ્ચાઓને પોતાની છાતી સરસાં ચાંપી ડુંગર ચઢતાં આ યુવાનો... દરેકને સિનો ખેંચાયેલો અને મસ્તક ગર્વથી ઊંચું!!



ઉત્તરાખંડની આપત્તિમાં જે કોઈ લોકો જીવ બચાવીને પાછાં આવ્યાં છે એમાં ભારતીય હવાઈદળ અને આર્મીના શૌર્યને કારણે જ યમદૂતને હાથતાળી આપવામાં સફળ રહ્યાં છે. ભારતીય સીમાની જવાબદારી જેમને સોંપી આપણે આરામથી નિંદર ખેંચીએ છીએ એવાં સૈનિકો આપણા માટે ભૂકંપ, સુનામી, આતંકવાદી હલ્લો સૈન્ય સદૈવ તત્પર અને ખડેપગે સેવામાં હાજર જ હોય છે. પ્રસંગ ઊભો થાય એટલે પોતાનો જીવ આપવાં તૈયાર અને આપણને બચાવવા શહિદી વ્હોરી એમની યુવાન વિધવાઓને મરણોત્તર મેડલ માટે મુકી જાય છે અને આપણે એમની કદર કરવાથી હંમેશા ચૂકી જઈએ છીએ...

કોણ હોય છે આ સૈનિકો? સાચ્ચે જ તો તમારાં ઉંમરનાં જ યુવાન છોકરાઓ, કંઈક ૨૦ થી ૨૫ ની ઉંમર ધરાવતાં, આદેશ મળે એટલે મોંઢાનો કોળીયો ગળવા ના રહેતા દોટ મુકે, લડવા, લડાવવા, મારવા અને મરવા અને હવે તો જીવાડવાંય! કયાંથી આવે છે એમનામાં આ બળ? વિશ્વનાં ઈતિહાસમાં આવું બચાવ અભિમાન આજ સુધી કોઈ પણ આર્મી/એરફોર્સ કર્યું નહોતું એવું કરી બતાવ્યું આપણાં જવાનોએ. કયાંથી આવે છે એમનામાં આ અતૂલનીય પરાક્રમનો જુસ્સો? તો ખડતર પ્રશિક્ષણમાંથી - કઠોર પરિશ્રમ પ્રશિક્ષણ અને નિષ્ઠા, કેટલું રોમાંચક હોય છે... અને આ સૈનિકો માટે લખવાનું પ્રયોજન શું? તો આપણાં બધાની અક્કલ ઠેકાણે આવે એટલે! અને ટીવી પર દેખાતા સૈનિકોને ઉત્સુકતાથી જોઈ તત્પુરતી તાળીઓ પીટવાની અને પછી બધું પતી જાય એટલે બધું ભૂલી જવાની આપણી ટેવની આપણને થોડીકેય શરમ આવે એટલે ય!!

પુલ ઉખડીને પડ્યો હોય અને ભયાનક વહેતી નદીને ઓળંગવાની હોય, આકાશમાં હેલીકોપ્ટરને સ્થિર રાખીને નીચે જીવ બચાવવા હાથ જોડી આજીજી કરતાં લોકોને દોરીથી ઉપર ખેંચી લાવવાનાં હોય, પોતાના જીવની પરવા ના કરતાં ઈતર લોકોને બચાવવા, કોપાયમાન કેદારનાથ સાથે યુદ્ધ માંડવા યાહોમ કરતાં આ થનગનતાં યુવાનોમાં આટલું જોશ કયાંથી આવે છે? આટલી હિંમત અને સ્કિલ્સ એ કયાંથી આવે છે? (તમે જરાં તમારી બાઈક કે કારનું પંક્ચર થયેલું વ્હીલ બદલી જુઓ અથવા ઘરમાં સિલિન્ડર થઈ રહ્યો હોય તો યુવતીઓ પ્રાયમસ કે ચૂલા પર રસોઈ કરી જુઓ, તમને આપોઆપ આ સૈનિકો પર માન ઉપજશે) સેનામાં અપાતું પ્રશિક્ષણ એ ભલભલા મુચ્છડોને રોવડાવે એવું હોય છે.

'નાગરિકોને ભગવાનની અને સૈનિકોની યાદ માત્ર સંકટ સમયે જ આવે છે.' મણીપુરમાં મોઈરાંગ જગ્યાએ આઝાદ હિંદ ફૌજના સ્મારક પર કોતરાયેલાં આ શબ્દો છે. નેતાજી સુભાષ ચંદ્ર બોઝના નેતૃત્વ હેઠળ આઝાદ હિંદ ફોંજે બ્રિટીશનાં તાબા હેઠળનાં ભારતમાં પ્રવેશ કર્યા બાદ ૧૪ એપ્રિલ ૧૯૪૪નાં રોજ પ્રથમવાર આ જગ્યાએ ત્રિરંગો લહેરાવ્યો હતો. ઉત્તરાખંડમાં પોતાનો જીવ ધોખામાં નાખીને સંકટગ્રસ્ત માટે સંકટમોચન બનીને ઉતરેલાં ભારતીય સુરક્ષા દળનાં જવાનને જોઈએ એટલું પેલું વાક્ય ફરી ફરીને યાદ આવે છે. કેદારનાથમાં ભગવાને જયાં મોંઢુ ફેરવી લીધું ત્યાં આ સૈનિકો બચી ગયેલાઓને હેમખેમ બચાવવા પોતાના ચમત્કાર બતાવ્યા હતા.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# સુખનું બીજું નામ સંતોષ, હવે આ સુખનું સરનામું એટલે..? જ્યાં દુઃખ નથી એવી જગા, એવી સ્થિતિ એટલે સુખ જ સુખ, મળ્યું તેનો આનંદ - પ્રાપ્તિનું સુખ, જે નથી મળ્યું તેનો અભાવ એટલે દુઃખની શરુઆત, બીજાં લક્ષ્ય ન રાખવા કે નવી સિદ્ધિ માટે પુરુષાર્થ ન જ કરવો એવું નહીં, પરંતુ દરેકમાં સમ્યકભાવ - સંતોષ

## સુખનું સરનામું એટલે...

## ગુલમહોર

- દિનેશ દેસાઈ

આફ્રિકન ગાંધી નેલ્સન મંડેલાએ કહ્યું છે કે "એક મોટા પર્વતની ટોચ ઉપર પહોંચ્યા પછી જ ખબર પડે છે કે આવા તો કંઈ કેટલાય પર્વતો ઉપર ચઢાણ કરવાનું બાકી છે." જ્યારે આપણને એમ થાય કે આપણે મુકામ ઉપર પહોંચી ગયા, બસ ત્યારથી આપણી યાત્રા ઉપર જ પૂર્ણવિરામ મૂકાઈ જાય છે. બધું જ મેળવી લીધું એવું માનવામાં આવે ત્યારે આપણને ખબર હોતી નથી કે હજુ તો ઘણું મેળવવાનું બાકી છે. આપણી નજર પહોંચે એટલી જ આ દુનિયા નથી. રૂમી જાફરી કહે છે કે "જહાં ઔર ભી હૈ..."

પર્વતારોહક જ્યારે સાહસ કરવા માટે નીકળે છે ત્યારે તે કોઈ એક મોટા જણાતા પર્વતનું શિખર સર કરવાનું લક્ષ્યાંક નક્કી કરે છે અને પછી આરોહણ શરુ કરે છે. નેલ્સન મંડેલા કહે છે એમ જ્યારે ટોચ ઉપર પહોંચીએ ત્યારે જ આપણને આસપાસમાં બીજા પર્વતોના શિખરો પણ જોવા મળે છે. બીજા પડકારો આપણે જોયા જ ન હોય ત્યાં સુધી આપણી સિદ્ધિ આપણને મોટી જ લાગે. પરંતુ પછી જેમ જેમ જ્ઞાન વધતું જાય ત્યારે ખબર પડે કે આપણી દુનિયા કેટલી નાની યા સીમિત છે અને ખરેખર તો દુનિયા કેટલી વિશાળ છે!

સુખનું બીજું નામ સંતોષ. હવે આ સુખનું સરનામું એટલે..? જ્યાં દુઃખ નથી એવી જગા, એવી સ્થિતિ એટલે સુખ જ સુખ. મળ્યું તેનો આનંદ - પ્રાપ્તિનું સુખ. જે નથી મળ્યું તેનો અભાવ એટલે દુઃખની શરુઆત. બીજાં લક્ષ્ય ન રાખવા કે નવી સિદ્ધિ માટે પુરુષાર્થ ન જ કરવો એવું નહીં. પરંતુ દરેકમાં સમ્યકભાવ - સંતોષ. જ્યારે જીવનમાં કજિયો-કલેશ-કઢાપો પ્રવેશ કરે ત્યારે એથી બીજાને નહીં, આપણને જ હાનિ થતી હોય છે. આથી જ ભગવાન શ્રીકૃષ્ણ પણ કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુનને સમ્યકભાવ રાખવા કહે છે. અર્જુન જ્યારે શસ્ત્રો હેઠાં મૂકી દે છે ત્યારે ભગવાન કહે છે કે "તારાં-મારાં" જેવું દુનિયામાં કશું જ નથી.

મનના શત્રુઓને મારવાની વાત છે. આપણે મનમાં સંતાપ કરીએ તો કજિયો થાયને? શા માટે આપણે હૈયાઉલકત કરવી? જો આપણને સાક્ષીભાવ રહે તો કલેશ ન રહે. માત્ર દૃષ્ટાભાવ. આમ બને એટલે સુખ જ સુખ. કર્તા બનવાની શી જરુર? આપણે એકશનમાં આવી જવાની યા હરકતમાં આવવાની જરુર નથી. દાખલા તરીકે આપણી આસપાસ બનતી સર્વ બાબત સિનેમા છે, એવું માની લઈએ તો કેવું સારું! સિનેમાનું દૃશ્ય પણ આપણી નજર સામે જ હોય છે. છતા આપણે એમાં હસ્તક્ષેપ કરતા નથી. માત્ર જોયા કરીએ છીએ. - આ છે સાક્ષીભાવ.

ભીંત બની શકાય તો કેવું સારું? કોઈ માણસ જાણીજોઈને ભીંત સાથે માથું અફળાવતો નથી. કારણ કે એને ખબર છે કે ભીંતને કશું નહીં થાય, આપણને જ વાગશે. ભીંત એટલે સાક્ષીભાવ - સમ્યકભાવ. એ કોઈ પ્રતિભાવ કે પ્રત્યુત્તર ન આપે. ઘાત-પ્રતિઘાત કશું જ નહીં. તમે કશુંક ખોટું કરો તો તમારે ખમવાનો વારો આવવાનો જ છે. કર્મફળનો સિદ્ધાંત સાબૂત રહેવાનો જ છે.

આગમાં હાથ નાખો તો દાઝી જ જવાય. અગ્નિને તમે દૂરથી જોઈ શકો છો. એક દીપકની જ્યોત પ્રજ્વળતી હોય ત્યારે એ અંધકારમાં પ્રકાશનું વરદાન દેતી હોય છે. પરંતુ શમાના દીવાના બનીને પરવાના બનો તો શું થાય? સળગી જવાય! દીવડાની આગમાં આંગળી ન ધરી દેવાય. નુકસાન દીવડાને કે દીવડાની એ જ્યોતને નહીં થાય. આપણને જ નુકસાન થવાનું છે. દીપજ્યોત જીવનમાં પ્રકાશ રેલાવે છે. દીવડાનો પ્રકાશ સૂચક છે. પ્રકાશનો સ્વીકાર આપણા માટે જરુરી છે પણ પ્રકાશ આપનાર દીવડામાં ઓતપ્રોત થવાનું નથી. કર્તા નહીં, કર્મભાવ. આપણે શું કરવાનું છે યા આપણે શું કરવા માગીએ છીએ એ જ લક્ષ્ય બની રહે.

કોઈ કાર્યસિદ્ધિનું ગુમાન નહીં અને નિતનવાં શિખરો તરફ દૃષ્ટિપાત કરવો એ જ આપણું મુખ્ય લક્ષણ હોય. સાથે સાથે જીવન આનંદસભર અને ઊર્જાસભર હોય. કોઈ કટુતા નહીં, કોઈ નકારાત્મકતા નહીં, કોઈ દ્વેષ નહીં, કોઈ ગુમાન નહીં. સદા સર્વદા સમભાવ અને મમભાવ.

**સ્ટોપર :**

**Goodness is the by product of spiritual groth.**